# પેરાટ્રાન્ઝિટ

## રાઇડરની માર્ગદર્શિકા

ઓક્ટોબર 2024 સુધારો 2



# વિષયવસ્તુ


| | |
|---|---|
| પરિચય | 1 |
| STS પેરાટ્રાન્ઝિટ સેવાનો વિસ્તાર | 2 |
| સેવાની પાત્રતા | 3 |
| અધિકારોનું બિલ | 3 |
| આચારસંહિતા | 4 |
| પેરાટ્રાન્ઝિટ સેવાની વિગતો | 5 |
| STS+ નવી મિન્ટ હિલ સેવાનો વિસ્તાર | 6 |
| મુલાકાતીઓ (શાર્લોટના બિન-નિવાસીઓ) | 7 |
| ભાડા | 7 |
| શિડ્યૂલિંગ | 8 |
| સબસ્ક્રિપ્શન્સ | 10 |
| કેન્સલેશન | 11 |
| નો-શૉ | 12 |
| વિલ-કૉલ | 13 |
| નો સ્ટ્રેન્ડ પૉલિસી | 13 |
| સહાય | 14 |
| સીટબેલ્ટ્સ | 15 |
| લિફ્ટ્સ | 15 |
| સુરક્ષા | 16 |
| પૅકેજિસ | 16 |
| ઑક્સિજન અને લાઇફ સપોર્ટ ઉપકરણ | 16 |
| પર્સનલ કેર એટેન્ડેન્ટ્સ, બાળકો અને સાથીઓ | 17 |
| સેવા સંબંધિત પશુઓ | 18 |
| નો-શૉ અથવા ટ્રિપ મોડી રદ થઈ હોવાની સમીક્ષા | 19 |
| મોકૂફી | 19 |
| અપીલ | 20 |
| વૈકલ્પિક મોબિલિટી અને મુસાફરીની તાલીમ | 21 |
| પ્રતિભાવ | 21 |


# વૈકલ્પિક મોબિલિટી અને મુસાફરીની તાલીમ

જો પેરાટ્રાન્ઝિટનો વિકલ્પ ઉપલબ્ધ ના હોય તો CATS તમારી જરૂરિયાતને પૂરી કરી શકે છે તેવી અન્ય સેવાઓ પૂરી પાડે છે.
અન્ય સેવાઓમાં સામેલ છે:

- મેક્લેનબર્ગ ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ (MTS)- 704-336-4547
- મુસાફરીની તાલીમ
  - CATS શું સેવા પૂરી પાડે છે અને રસ્તો કેવી રીતે શોધી શકાય તે જાણવા માટે CATS સિવિલ રાઇટ્સ ડિપાર્ટમેન્ટ તમને મુસાફરીની તાલીમ પૂરી પાડી શકે છે. - CATScivilrights@charlottenc.gov
  - વિકલાંગતા અધિકારો અને સંસાધનો - 704-537-0550
  - મેટ્રોલિના એસોસિયેશન ફોર ધી બ્લાઇન્ડ - 704-372-3870

# પ્રતિક્રિયા

**CATS માટે તમારા સૂચન અમૂલ્ય છે. તમે અહીં નીચે મુજબ CATS કસ્ટમર સર્વિસનો સંપર્ક કરીને STS પેરાટ્રાન્ઝિટને તમારી સેવા સંબંધિત સરાહના, ભલામણો કે ચિંતાજનક બાબતોને સોંપી શકો છો:**

**ટેલિફોન: 704-336-RIDE (7433)**
- **ત્યારબાદ લાઇવ પ્રતિનિધિની સાથે જોડાવા માટે 0 પસંદ કરો.**

**ઈ-મેઇલ: telltransit@charlottenc.gov**

**ઉલ્લંઘનોને 3 વર્ગના સ્તરોમાં વર્ગીકૃત કરવામાં આવ્યાં છે:**

**વર્ગ 1** સુરક્ષા સંબંધિત સૌથી ગંભીર ઉલ્લંઘનો છે (જેમ કે, અન્ય વ્યક્તિ પર પ્રહાર કરવો/થૂંકવું કે ઇરાદાપૂર્વક સંપત્તિને નુકસાન પહોંચાડવું, બસમાં શસ્ત્ર લઈને ચઢવું વગેરે);

**વર્ગ 2** સુરક્ષા સંબંધિત ગંભીર ઉલ્લંઘનો છે (જેમ કે, ચાલું વાહને સીટ પરથી ઉતરી જવું, બાયોહેઝાર્ડ એક્સપોઝર વગેરે) અને

**વર્ગ 3** સુરક્ષા સિવાયના સેવા સંબંધિત વિક્ષેપો છે (જેમ કે, નો-શો, બૉર્ડિંગ/રવાનગીમાં વિલંબ, શાબ્દિક પજવણી, વગેરે).

12-મહિનાના સમાન-રોલિંગ સમયગાળામાં મુસાફર માર્ગદર્શન નીતિના વારંવાર ઉલ્લંઘનને પરિણામે સસ્પેન્શનનો સમયગાળો નીચે પ્રમાણે વધશે:

## અપીલો

જે ગ્રાહકોને નોટીસ ઑફ ડીનાયલ કે સસ્પેન્શન પ્રાપ્ત થાય છે અને તેઓ અપીલની વિનંતી કરી શકે છે. અરજદારને યુનાઇટેડ સ્ટેટ્સ પોસ્ટલ સર્વિસ મારફતે મોકલવામાં આવેલ એક પૅકેટ પ્રાપ્ત થશે, જેમાં સેવા નકારી કાઢવા માટેના કારણને જણાવતો ઔપચારિક પત્ર હશે. આ પૅકેટમાં એક અપીલ ફૉર્મ પણ હશે, જેથી અરજદાર આ નિર્ણયને પલટાવવા અંગે વિચારણા કરવા અપીલ કમિટીને વધારાની માહિતી પૂરી પાડી શકે છે.

જો અપીલ કરવામાં આવે, તો STS અપીલ બૉર્ડ દ્વારા કોઈ ચુકાદો આપવામાં ન આવે ત્યાં સુધી CATS સસ્પેન્શનને મુલતવી રાખશે. ગ્રાહકોને તેમના કેસ પ્રસ્તુત કરવા માટે STS અપીલ બૉર્ડની બેઠકમાં હાજરી આપવા માટે આમંત્રિત કરવામાં આવશે. અપીલને નોટીસ પ્રાપ્ત થયાંની તારીખથી 60 દિવસની અંદર પરત કરવાની રહે છે અને તેને અહીં નીચે જણાવેલા સરનામે ટપાલથી મોકલી શકાય છે, ફેક્સ કરી શકાય છે અથવા સ્કેન કરીને ઈ-મેઇલ પર મોકલી શકાય છે:

અહીં નીચેના સરનામે લખીને પણ અપીલના ફૉર્મ મેળવી શકાય છે: Special Transportation Service, 901 N. Davidson Street, Charlotte, NC 28206 અથવા ફોન દ્વારા, 704-336-5055.

**ટપાલ મોકલવાનું સરનામું -**
**STS Appeals Coordinator (STS અપીલ્સ કોઑર્ડિનેટર)**
**901 North Davidson Street**
**Charlotte, NC 28206**
**ફેક્સ: 704.336.5119**

**ઈ-મેઇલ: CATSADAEligibility@charlottenc.gov**

જો અપીલને માન્ય રાખવામાં આવે (જાળવવામાં આવે), તો STS પેરાટ્રાન્ઝિટ નવી નોટીસ ટપાલમાં મોકલશે. જરૂરિયાત મુજબ, પત્રમાં સુધારેલી માહિતીને સામેલ કરવામાં આવશે અને તેની એક નકલ તમારા રેકોર્ડમાં મૂકવામાં આવશે.






## પરિચય

અમેરિકન્સ વિથ ડિસેબિલિટીઝ એક્ટ (ADA) મુજબ, CATS વિકલાંગતા (શારીરિક, જ્ઞાનાત્મક કે દ્રષ્ટિની)ને કારણે ફિક્સ રૂટની બસને ઍક્સેસ નહીં કરી શકતા લોકોને કૉમ્પ્લિમેન્ટ્રી પેરાટ્રાન્ઝિટ સેવા પૂરી પાડે છે. CATS સ્પેશિયલ ટ્રાન્સપોર્ટેશન સર્વિસ (STS) કૉમ્પ્લિમેન્ટ્રી પેરાટ્રાન્ઝિટ સિસ્ટમનું સંચાલન કરે છે, જે અગાઉથી નિર્ધારિત, સામૂહિક સવારી, મૂળ સ્થાનથી નિશ્ચિત સ્થળ સુધીની સેવા છે. STS પેરાટ્રાન્ઝિટ CATS ફિક્સ રૂટની બસ અને રેલ સેવાને સમાન કલાકોએ જ સંચાલન કરે છે, સવારે 4:50થી રાત્રે 2:12 વાગ્યે છેલ્લાં પિકઅપ સુધી. સોમવારથી શનિવાર તથા રવિવારે અને રજાના દિવસોએ સવારે 4:55થી રાત્રે 1:30 વાગ્યે છેલ્લાં પિકઅપ સુધી.

STS પેરાટ્રાન્ઝિટ સેવા ADA કાયદા હેઠળ સંચાલન કરે છે, જે સિસ્ટમના સેવાના વિસ્તારની અંદર તમામ ટ્રિપની બાંયધરી આપે છે. STS પેરાટ્રાન્ઝિટ સેવાના વિસ્તારને વર્તમાન ફિક્સ કે સ્થાનિક બસના રૂટની બંને બાજુએ ¾ માઇલ સુધીના વિસ્તાર તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે. જે-તે વિસ્તારમાં જે નિયત દિવસો અને સમયે ફિક્સ્ડ રૂટ સેવા સંચાલિત થાય છે તે, જ દિવસે અને સમયે આ સેવા પણ ઉપલબ્ધ છે.

તમને કોઈ વિકલાંગતા હોય, જેના કારણે તમે ફિક્સ રૂટની બસનો ઉપયોગ કરી શકતા ના હો તો, કેટલીક અથવા તમામ ટ્રિપ STS પેરાટ્રાન્ઝિટ સેવા માટે માન્ય ગણાઈ શકાય છે. તમારું નિવાસસ્થાન સેવાના વિસ્તારની બહાર હોય તો પણ તમે STS પેરાટ્રાન્ઝિટ સેવા મેળવવા માટે પાત્ર ગણાઓ છો. આ પ્રકારની પરિસ્થિતિમાં સેવાના વિસ્તારની બહાર રહેતા નિવાસીઓએ સેવાના ¾ માઇલ વિસ્તારની અંદર પિક-અપ કે ડ્રોપ-ઑફને નિર્ધારિત કરવાનું રહેશે.

આવા સમયે CATS ફિક્સ રૂટની બસના સેવાના વિસ્તારમાં ફેરફાર કરી શકે છે, જેના લીધે STS પેરાટ્રાન્ઝિટના ગ્રાહકો માટે ADA ¾ માઇલનો સેવાનો વિસ્તાર પ્રભાવિત થઈ શકે છે. જ્યારે ફિક્સ રૂટના સેવાના વિસ્તારમાં ફેરફાર થાય છે, ત્યારે ADAના ઝોનમાં પણ ફેરફાર થાય છે. એસટીએસ પેરાટ્રાન્ઝિટથી સેવા તમારા પિક-અપ કે ડ્રોપ-ઑફનું સ્થળ પ્રભાવિત થઈ શકે છે.

CATSને મિન્ટ હિલમાં STS+ માટે સેવાના નવા ઝોનને રજૂ કરવાનો ખૂબ જ ગર્વ છે. આ નવો ઝોન મિન્ટ હિલના લોકોને સેવા પૂરી પાડશે અને તમામ પાત્ર મુસાફરોને STS+ સેવા વિસ્તાર અને CATS કૉમ્પ્લિમેન્ટ્રી ADA પેરાટ્રાન્સિટ સેવા ક્ષેત્ર સુધી મુસાફરી કરવાની મંજૂરી આપી શકે છે.

## STS પેરાટ્રાન્ઝિટ સેવાનો વિસ્તાર




બદલાવાને આધિન.



# નો-શૉ અથવા મોડી રદ કરવામાં આવેલી ટ્રિપની સમીક્ષા

જે ગ્રાહકો રોલિંગ મહિનામાં પાંચ (5) કે તેનાથી વધારે વખત નો-શૉ કે ટ્રિપને મોડી રદ કરે છે, તેમની ટ્રિપની સમીક્ષા કરવામાં આવશે, જેથી કોઈ પેટર્ન કે પ્રેક્ટિસ તો નથી તેને નિર્ધારિત કરી શકાય. કોઈ પેટર્ન કે આદત અસ્તિત્વમાં છે તેમ ત્યારે માનવામાં આવે છે, જ્યારે નો-શૉ કે લેટ કેન્સલેશનનો દર કુલ નિર્ધારિત ટ્રિપ્સના દસ ટકા (10%) અથવા તેનાથી વધારે હોય. જે નો-શૉ અને મોડું કેન્સલેશન ગ્રાહકના નિયંત્રણની અંદર છે, ફક્ત તેને જ ગણવામાં આવશે.

દરેક નો-શૉ અથવા લેટ કેન્સલેશન પછી ગ્રાહકોને લેખિતમાં ચેતવણી પ્રાપ્ત થશે. જે ગ્રાહકો નો-શૉ કે મોડાં કેન્સલેશનની પેટર્ન કે પ્રેક્ટિસ ધરાવતા હોવાનું જાણવા મળશે, તેમની સેવાને મોકૂફ કરી દેવામાં આવશે.

જોકે, ગ્રાહકોના નિયંત્રણની બહાર હોય તેવી પરિસ્થિતિઓ અંગે ફોન કે લેખિતમાં STS પેરાટ્રાન્ઝિટને જાણ કરવાની જવાબદારી ગ્રાહકની પોતાની છે:

**ટેલિફોન: 704.336.5055**
**ઈ-મેઈલ: CATSADAEligibility@charlottenc.gov**

**મેઈલ:**
**STS Scheduling Manager (STS કાર્યક્રમ નિર્ધારક સંચાલક)**
**901 North Davidson Street**
**Charlotte, NC 28206**

**સબ્જેક્ટ લાઇન: "એક્સક્યુઝ્ડ નો-શૉ" અથવા "એક્સક્યુઝ્ડ લેટ કેન્સલેશન"**
**પત્રનો મુખ્ય હિસ્સો:**

- ગ્રાહકનું નામ
- સંપર્કની માહિતી
- નો-શૉ કે મોડા કેન્સલેશનના કારણોનું ટૂંકમાં વર્ણન અને શા માટે આ ઘટનાને દરગુજર કરવી જોઈએ.

# સસ્પેન્શન્સ

CATS STS501 પેરાટ્રાન્ઝિટ નો-શૉ એન્ડ ડિસરપ્ટિવ બીહેવિયર્સ પૉલિસીની કલમ 7.0 મુજબ

ગ્રાહકને સસ્પેન્શનની ચેતવણીનો પત્ર મોકલવામાં આવશે, જેમાં તેમને ઓળખી કાઢવામાં આવેલા ઉલ્લંઘનો કે પેટર્નની જાણ કરવામાં આવશે.

સસ્પેન્શન ચેતવણી/સસ્પેન્શનની નોટીસ પ્રાપ્ત થયાંની અંદાજિત તારીખથી દસ (10) કેલેન્ડર દિવસમાં શરૂ થશે સિવાય કે ગ્રાહક આ નિર્ણય વિરુદ્ધ અપીલ કરે.

# સર્વિસ એનિમલ્સ

સર્વિસ એનિમલ્સ CATSના તમામ વાહનોમાં સવારી કરવા માટે અધિકૃત છે. ADA સેવા સંબંધિત પશુઓને આ મુજબ વ્યાખ્યાયિત કરે છે: માર્ગદર્શન આપનાર કોઈ પણ શ્વાન કે પછી વિકલાંગ વ્યક્તિ માટે કામ કરવા માટે વ્યક્તિગત રીતે તાલીમ પ્રાપ્ત કરેલું અન્ય કોઈ પશુ, જે કામગીરીઓમાં દ્રષ્ટિની ખામી ધરાવતી વ્યક્તિને માર્ગદર્શન આપવું, સાંભળવાની ખામી ધરાવનારને કોઈ રસ્તામાં આવનારી વ્યક્તિ કે અવાજ અંગે ચેતવવી, લઘુત્તમ સુરક્ષા પૂરી પાડવી કે બચાવ કામગીરી કરવી, વ્હિલચેરને ખેંચવી કે નીચે પડી ગયેલી ચીજોને ઉઠાવવાનો સમાવેશ થાય છે, પરંતુ આ કામગીરીઓ આટલા પૂરતી મર્યાદિત નથી.

સર્વિસ એનિમલ્સ તેના હેન્ડલરના નિયંત્રણમાં હોવા જોઈએ તથા તે વાહનમાં વધારાની સીટ પર બેસી શકે નહીં અથવા ગલિયારાને અવરોધી શકે નહીં. સર્વિસ એનિમલે હાર્નેસ, પટ્ટો કે અન્ય કોઈ ટીથર પહેરેલું હોવું જોઈએ જ્યાં સુધી હેન્ડલરની વિકલાંગતા ઉક્ત ઉપયોગને પ્રતિબંધિત ન કરે કે પછી આ પ્રાણીની કામગીરી કે કાર્ય આ પ્રકારના અવરોધથી પ્રતિકૂળ રીતે પ્રભાવિત ન થાય. અન્ય કોઈ મુસાફરના વાંધા પર આધાર રાખી સર્વિસ એનિમલનો ઉપયોગ કરવાનું નકારી શકાય નહીં.

**જો આ પશુના હેન્ડલર તેમને નિયંત્રિત ન કરી શકે તો,**
**આ પશુએ વાહનની બહાર નીકળી જવું પડશે.**

ભાવનાત્મક સપોર્ટ પૂરાં પાડનારા, ગુનાને અટકાવનારા કે આરામ અને સાથ પૂરો પાડનારા કોઈ પણ પશુને સેવા સંબંધિત પશુ માનવામાં આવશે નહીં, કારણ કે, આ પશુઓને વિકલાંગ વ્યક્તિ સાથે સંબંધિત ચોક્કસ કામગીરી કરવા માટે વ્યક્તિગત તાલીમ આપવામાં આવી નથી. તમામ નોન-સર્વિસ એનિમલ્સનું પરિવહન એનિમલ કેરિયરમાં થવું જોઈએ અને તેઓ વાહનમાં અલગ સીટ પર બેસી શકે નહીં કે ગલિયારાને અવરોધી શકે નહીં. વધુ વિગતો માટે CATS CivR05 ADA સર્વિસ એનિમલ્સને જુઓ.





# સેવાની પાત્રતા

**જે લોકો વિકલાંગતા (શારીરિક, જ્ઞાનાત્મક કે દ્રષ્ટિ)ને કારણે ફિક્સ રૂટની બસોનો ઉપયોગ કરી શકતા નથી તેમને પેરાટ્રાન્ઝિટ સેવા પ્રાપ્ત થાય તેની ADA ખાતરી કરે છે. CATS આવી વ્યક્તિઓને આ સેવા પૂરી પાડે છે. પાત્રતા ત્રણ પરિબળો દ્વારા નક્કી થાય છે:**

1. બસ/રેલ સ્ટોપ સુધી આવવા-જવાની તમારી ક્ષમતા
2. બસ કે રેલ કારમાં ચઢવા અને ઉતરવાની તમારી ક્ષમતા
3. ફિક્સ રૂટની બસ/રેલ સિસ્ટમનો ઉપયોગ કરવાની તમારી જ્ઞાનાત્મક ક્ષમતા

**STS પેરાટ્રાન્ઝિટની પાત્રતાને નિર્ધારિત કરવા માટે ઉપયોગમાં નહીં લેવાતા સંચાલન સંબંધિત મુદ્દાઓ આ મુજબ છે:**

1. વય
2. બસ સ્ટૉપ સુધીનું અંતર
3. વિસ્તારમાં બસ સેવાનો અભાવ
4. અતિશય ભીડવાળી બસો

**આ પાત્રતા ત્રણ (3) વર્ષ સુધી માન્ય રહેશે, ત્યારબાદ આ સેવાને ચાલું રાખવા માટે ફરીથી પ્રમાણિત કરવા માટેની નવી અરજી કરવાની રહેશે.**

**તમે ADARide.com પર અરજીને ભરી શકો છો અથવા તો**
માહિતીને (310-410-0239) પર ફેક્સ કરી શકો છો કે ઈ-મેઇલ કરી શકો છો આના પર: info@adaride.com.

જો તમને કોઈ પ્રશ્ન હોય તો, કૃપા કરીને STS પેરાટ્રાન્ઝિટ એલિજિબિલિટી એન્ડ સર્ટિફિકેશન
ઑફિસનો સંપર્ક કરો: (704) 336-5055.

# અધિકારોનું બિલ

**STS તેના તમામ CATS ગ્રાહકોને ગુણવત્તાયુક્ત સેવા પૂરી પાડવા માટે કટિબદ્ધ છે. આથી, તમારા પ્રત્યેની અમારી કટિબદ્ધતા છે:**

- સલામત, ઝડપી અને વિનયી પરિવહન
- 30 મિનિટની વિન્ડોની સાથે સમયસર પિકઅપ
- સ્વચ્છ અને સારી રીતે જાળવણી કરવામાં આવેલ વાહનો અને કર્મચારીઓ
- કોઈ પણ ચિંતાજનક બાબતોને સમયસર પ્રતિક્રિયા આપવાની અને તેની ઝડપથી તપાસ કરવા, સંબોધવા અને ઉકેલવા માટેની કટિબદ્ધતા
- આદરપૂર્વક, ઝડપથી અને વિનમ્ર રીતે કૉલનો ઉત્તર આપવામાં આવે છે
- CATS ફિક્સ રૂટ અને લાઇટ-રેલ સેવાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓને સમકક્ષ ગુણવત્તાયુક્ત પરિવહન.

# આચારસંહિતા

**અમારા ગ્રાહકોની સર્વસામાન્ય અપેક્ષાઓ અહીં નીચે મુજબ છે:**

- તમને આપવામાં આવેલી 30-મિનિટની પિકઅપ વિન્ડોની અંદર બસમાં બેસવા માટે તૈયાર રહો
- બસમાં ચઢતી વખતે ચૂકવણી કરવા માટેનું ભાડું તૈયાર રાખો
- વાહનમાં કંઈ પણ ખાશો કે પીશો નહીં
- વાહનમાં આલ્કોહોલ, તમાકુના ઉત્પાદનો કે વેપિંગ ડીવાઇઝનો ઉપયોગ કરશો નહીં
- હેડફોન વગર સંગીત કે અન્ય કોઈ ઑડિયો સાંભળશો નહીં
- CATSના કર્મચારીઓ અને અન્ય લોકોની સાથે આદરપૂર્વક વર્તો

CATSના વાહનોમાં વર્તણૂક મહત્વપૂર્ણ છે અને CATS વિક્ષેપ પેદા કરનારા અથવા તો પોતાને કે અન્ય મુસાફરો માટે જોખમ પેદા કરનારા કે ભયજનક હોય તેવા ગ્રાહકોને પરિવહનનો ઇનકાર કરવાનો અધિકાર ધરાવે છે.

**CATS પેરાટ્રાન્ઝિટ વ્હિકલમાં કોઈ પણ વ્યક્તિ દ્વારા અહીં નીચે જણાવેલા કૃત્યો કરવા એ ગેરકાયદે અને/અથવા CATS રાઇડર્સ કૉડ ઑફ કન્ડક્ટનું ઉલ્લંઘન છે:**

- શારીરિક કે શાબ્દિક દુર્વ્યવહારનું જોખમ કે ભય.
- ગેરકાયદે રીતે પજવણી, જેમાં અનિચ્છિત રીતે શાબ્દિક, અશાબ્દિક કે જાતિય કે વંશીય સૂચિતાર્થ ધરાવતી શારીરિક વર્તણૂકનો સમાવેશ થાય છે.
- ચાલું વાહનમાંથી બહાર કૂદી પડવું.
- વાહનમાં ઉપકરણોનો બિનઅધિકૃત ઉપયોગ કે ઉપકરણોને બગાડવા.
- સીટ પર બેઠાં ના રહેવું કે જરૂરી સુરક્ષા બેલ્ટ ના પહેરવો.
- હિંસક વર્તણૂક, જેમ કે અન્ય વ્યક્તિને મારવું.
- વાહન પર પ્રહાર કરવા.
- ઓપરેટર કે ગ્રાહક પર થૂંકવું.
- અસ્વીકાર્ય જાતિય આચરણ (ઉદાહરણ તરીકે, જાતિ અંગો બહાર કાઢવા કે હસ્તમૈથુન કરવું).
- ઓપરેટર, અન્ય ગ્રાહકો કે CATSના સ્ટાફની સાથે ખરાબ ભાષાનો ઉપયોગ કરવો.


આ દસ્તાવેજની મુદ્રિત નકલો પર અમારું કોઈ નિયંત્રણ નથી.



# પર્સનલ કેર એટેન્ડેન્ટ્સ, બાળકો અને સાથીઓ

- જો તમારી પાત્રતાની અરજી એમ સૂચવે કે તમારી પાસે મુસાફરી કરવા માટે **પર્સનલ કેર એટેન્ડેન્ટ (PCA)** છે, તો તે PCA, PCAની ક્ષમતામાં સેવા પૂરી પાડતી વખતે ભાડું ચૂકવ્યાં વગર મુસાફરી કરવા માટે પાત્ર ગણાશે. PCA મુસાફરીના સમયગાળા દરમિયાન હાજર હોવા જોઈએ અને તેઓ ચઢવા અને ઉતરવાના સમાન સ્થળોએથી બસમાં ચઢવા-ઉતરવા જોઈએ.
- બાર (12) વર્ષથી નાની વયના તમામ બાળકોની સાથે પુખ્ત વય (અઢાર (18) વર્ષ કે તેનાથી મોટી વય)ની વ્યક્તિ હોવી જરૂરી છે.
- નોર્થ કેરોલિના કાયદામાં 5 વર્ષથી નાની વયના અને 40 પાઉન્ડથી ઓછું વજન ધરાવતા બાળક માટે કાર સીટમાં મુસાફરી કરવાનું આવશ્યક બનાવવામાં આવ્યું છે. 8 વર્ષથી નાની વયના અને 80 પાઉન્ડથી ઓછું વજન ધરાવતા બાળકોને બૂસ્ટર સીટમાં બેસાડવાના રહેશે. STS પેરાટ્રાન્ઝિટના ગ્રાહકોએ તેમની પોતાની કાર કે બૂસ્ટર સીટ લાવવાની રહેશે તથા બાળકને તથા કાર/બૂસ્ટરને વાહનની સીટ પર યોગ્ય રીતે ગોઠવીને સુરક્ષિત કરવાના રહેશે અને તેમને યોગ્ય રીતે નિયંત્રિત કરવા માટે વાહનના સીટ બેલ્ટનો ઉપયોગ કરવાનો રહેશે.
- PCA ઉપરાંત તમને તમારા રીઝર્વેશન/ટ્રિપમાં કોઈ સાથીને ઉમેરવાની વિનંતી કરવામાં આવે છે (મિત્ર કે સંબંધી).
  - **સાથીઓએ પૂરેપૂરું ભાડું ચૂકવવાનું રહેશે.**
    - STS પેરાટ્રાન્ઝિટ સીટની ઉપલબ્ધતા પર આધાર રાખીને સાથીઓની સંખ્યાને મર્યાદિત કરી શકે છે. સાથીઓએ મુસાફરીના સમયગાળા દરમિયાન હાજર રહેવું પડશે તથા બસમાં ચઢવા અને ઉતરવાની સમાન જગ્યાઓથી બસમાં ચઢવા અને ઉતરવાનું રહેશે.
    - ગ્રાહકોએ રીઝર્વેશનને નિર્ધારિત કરતી વખતે સાથીઓની સંખ્યા જાહેર કરવાની રહેશે.


આ દસ્તાવેજની મુદ્રિત નકલો પર અમારું કોઈ નિયંત્રણ નથી.

## સુરક્ષા

CATS STS પેરાટ્રાન્ઝિટ નિશ્ચિત સીક્યોરમેન્ટ વિસ્તારની અંદર વ્હિલચેરને સુરક્ષિત રાખવા માટેની સીક્યોરમેન્ટ સિસ્ટમના ઉપયોગ સહિત FTAની તમામ માર્ગદર્શિકાનું પાલન કરે છે. STS પેરાટ્રાન્ઝિટે તમામ મોબિલિટી ઉપકરણોને સુરક્ષિત રાખવાનું આવશ્યક બનાવ્યું છે. STS પેરાટ્રાન્ઝિટ તમામ સ્ટાન્ડર્ડ સાઇઝની વ્હિલચેર અને મોટાભાગના મોબિલિટી ઉપકરણને સુરક્ષિત રાખી શકે છે. આ ઉપકરણો લિફ્ટ/રેમ્પ અને સુરક્ષા વિસ્તારની વજન અને સાઇઝની જરૂરિયાતો પૂરી કરતાં હોવા જોઇએ. ગ્રાહકોને મોબિલિટી ઉપકરણ સુરક્ષિત રીતે મૂકવામાં આવ્યાં પછી જ વાહનની સીટ પર બેસવાની મંજૂરી છે.

તમામ મોબિલિટી ઉપકરણ CATS CivR02 મોબિલિટી ઉપકરણ પૉલિસી મુજબની વ્યાખ્યાને અનુરૂપ હોવા જોઇએ.

ગેરી ચેર્સ, ગર્નીઝ/બેડ્સ અને પ્લેટફૉર્મ ચેર CATS વાહનમાં સલામત રીતે રાખી શકાય તેવી વ્હિલચેરની ADAની વ્યાખ્યાને અનુરૂપ નથી. જે ઉપકરણોને સુરક્ષિત રીતે રાખી શકાય નહીં તેને CATS વાહનમાં પરિવહન કરવાની મંજૂરી નથી.

## પૅકેજિસ

તમે કરિયાણા કે ઓછાં વજનના પેકેજ/થેલીઓની સાથે બસમાં ચઢી શકો છો; બસ ઓપરેટર તમને ઓછાં વજનના કુલ ચાર (4) પેકેજોની સાથે બસમાં ચઢવામાં મદદરૂપ થશે, જે પ્રત્યેક પેકેજનું વ્યક્તિગત વજન 25 પાઉન્ડથી વધારે હોવું જોઇએ નહીં અને કુલ વજન 50 પાઉન્ડથી વધારે હોવું જોઇએ નહીં. ચાર (4)થી વધારે પેકેજો/બેગ ગ્રાહકોએ પોતે, તેમના એટેન્ડેન્ટ કે સાથીએ ઉપાડવાના રહેશે. પેકેજ/થેલીઓ યોગ્ય રીતે મૂકેલી હોવી જોઇએ અને આવવા-જવાના માર્ગને અવરોધતા હોવા જોઇએ નહીં કે વાહનમાં ચઢવા/ઉતરવાના માર્ગની આડે આવતા ના હોવા જોઇએ.

STS પેરાટ્રાન્ઝિટ કોઇ પણ જોખમી રસાયણો કે મશીનરીનું પરિવહન **કરશે નહીં**.

## ઑક્સિજન અને જીવનરક્ષક ઉપકરણો

તમે તમારી સાથે તબીબી ચીજો અને ઉપકરણો લાવી શકો છો પરંતુ તેને તમારે સુરક્ષિત રાખવા પડશે અને તે આવવા-જવાના માર્ગને અવરોધતા હોવા જોઇએ નહીં કે વાહનમાં ચઢવા/ઉતરવાના માર્ગની આડે આવતા ના હોવા જોઇએ.

વૉકર/રોલેટર્સ/કેન/ક્રચિઝ કે કોઇ પણ મોબિલિટી ઉપકરણનું પરિવહન સુરક્ષિત રીતે થવું જોઇએ અને તે આવવા-જવાના માર્ગને અવરોધતા હોવા જોઇએ નહીં કે વાહનમાં ચઢવા/ઉતરવાના માર્ગની આડે આવતા ના હોવા જોઇએ.

ઓપરેટરોને કોઇ પણ હસ્તક્ષેપ કરવાની કે તમારા તબીબી ઉપકરણોનું સંચાલન કરવાની મંજૂરી નથી. મુસાફરોના તબીબી ઉપકરણના સંચાલન અને તેમના પર્સનલ કેર આસિસ્ટન્ટની જવાબદારી મુસાફરોની પોતાની છે.


આ દસ્તાવેજની મુદ્રિત નકલો પર અમારું કોઇ નિયંત્રણ નથી.

- આરોગ્ય (બાયોહઝાર્ડ/સ્વચ્છતા) અને સલામતીનું જોખમ ઊભું કરે, જેમ કે, ગ્રાહકો/PCA/સાથી કે જેઓ પોતાના શરીર કે સેવા સંબંધિત પશુઓની ઉપર શરીરના પ્રવાહી કે મળમૂત્ર, માંકડ કે ચાંચડ હોવાના સ્પષ્ટ ચિહ્નોની સાથે વાહનમાં ચઢે છે.

- વાહનમાં ધૂમ્રપાન કરવા, ખાવાનું ખાવા કે કોઇ તબીબી જરૂરિયાત વગર મદ્યપાન કરવા સહિત સ્વૈચ્છિક રીતે અને વારંવાર CATS પેરાટ્રાન્ઝિટ રાઇડરની આચારસંહિતાનું ઉલ્લંઘન કરવું.

- તેમની પિક-અપ વિન્ડો દરમિયાન અથવા સ્થળે તેમની સવારી માટે તૈયાર ના રહેવું, જેના પરિણામે બસમાં ચઢવામાં મોડું થવું, નૉ-શૉ કે મોડું કેન્સલેશન.

- તેમની ટ્રિપ માટે બૂક કરવા કે રીઝર્વેશન કરવા કૉલ કરતી વખતે તેઓ તેમની બૂકિંગની માહિતી સાથે તૈયાર ના હોવા.

- MTC-04માં ઓળખી કાઢવામાં આવેલી અન્ય વર્તણૂકો.

- NC રાજ્યના કાયદા, સિટી ઑફ શાર્લોટ ઑર્ડિનન્સ કે CATS વિનિયમો દ્વારા ઓળખી કાઢવામાં આવ્યાં મુજબની અન્ય વર્તણૂકો.

## પેરાટ્રાન્ઝિટ સેવાની વિગતો

સેવાના સમય CATS ફિક્સ રૂટ અને રેલને પૂરક છે.

કૃપા કરીને સમયસર વાહનમાં ચઢવા માટે તૈયાર રહો અને ઓપરેટરને આપવા માટે તમારું ભાડું તૈયાર રાખો. ટ્રાફિક, હવામાન અને અન્ય અણધારી ઘટનાઓને કારણે STS પેરાટ્રાન્ઝિટમાં વિલંબ થઇ શકે છે. STS પેરાટ્રાન્ઝિટ તમારી સાથે નિર્ધારિત થયેલી 30-મિનિટની પિકઅપ વિન્ડોમાં પહોંચવાનો પ્રયાસ કરે છે. જો સેવામાં નિર્ધારિત 30 મિનિટ કરતાં વધારે વિલંબ થવાની ધારણા હોય તો, STS પેરાટ્રાન્ઝિટ તમારા ગ્રાહક ખાતામાં સૂચિબદ્ધ થયેલા ફોન નંબર મારફતે તમારો સંપર્ક કરવાનો પ્રયત્ન કરશે.

- STS પેરાટ્રાન્ઝિટ કર્બ-ટુ-કર્બ, મૂળ સ્થાનથી નિશ્ચિત સ્થળ સુધીની સેવા પૂરી પાડે છે.

- જો તમારું પિક-અપનું સ્થળ બહુમાળી ઇમારત કે મલ્ટિપલ બિલ્ડિંગ કૉમ્પલેક્સ હોય તો STS પેરાટ્રાન્ઝિટ તમારા નિર્ધારિત કરવામાં આવેલા સમય/નિર્ધારિત કરવામાં આવેલી 30-મિનિટની વિન્ડો દરમિયાન તમને ગ્રાઉન્ડ ફ્લોરની લોબીમાં મળશે.

- STS પેરાટ્રાન્ઝિટના ઓપરેટરોને ઘરમાં પ્રવેશવાની મંજૂરી નથી અને ઘરની અંદર કોઇ પણ બાબતે મદદરૂપ થવા માટે તેમની પર પ્રતિબંધ છે.


આ દસ્તાવેજની મુદ્રિત નકલો પર અમારું કોઇ નિયંત્રણ નથી.



## STS+ નવી મિન્ટ હિલ સેવાનો વિસ્તાર

STS હવે મિન્ટ હિલ વિસ્તારમાં પણ સેવા પૂરી પાડે છે. મુસાફરો હવે CATS ADA પેરાટ્રાન્ઝિટના બાકીના સેવાના વિસ્તારની જેમ જ પાત્રતાની માર્ગદર્શિકાઓનું પાલન કરીને મિન્ટ હિલમાં આવેલા સ્થળોએ મુસાફરી કરી શકે છે.




પાત્રતા, સમયપત્રક અને ભાડા સ્ટાન્ડર્ડ પેરાટ્રાન્ઝિટ સેવાના વિસ્તારની બિલકુલ સમાન છે. કૃપા કરીને આ માર્ગદર્શિકાના તે વિભાગોની સમીક્ષા કરો.

મિન્ટ હિલ વિસ્તારમાં જવા-આવવા માટે ટ્રિપના સેવાના કલાકો આ મુજબ છે:

- **સોમથી શુક્ર સવારે 5:30થી રાત્રે 11:00 વાગ્યા સુધી**
- **શનિ-રવિ/રજાઓના દિવસે સવારે 7:00 વાગ્યાથી રાત્રે 11:00 વાગ્યા સુધી**



## સીટબેલ્ટ્સ

STS પેરાટ્રાન્ઝિટની પૉલિસી મુજબ તમામ ગ્રાહકો, PCA અને સાથીઓએ સીટબેલ્ટનો ઉપયોગ કરવો જરૂરી છે. આ બાબત વ્હિલચેર અને મોબિલિટી ઉપકરણ કે વ્હિકલ સીટ્સનો ઉપયોગ કરનારા લોકોને પણ લાગુ થાય છે.

- સીટબેલ્ટ બેસવા માટેની તમામ જગ્યાઓએ પૂરાં પાડવામાં આવેલા છે.
- FTA પૉલિસીમાં મોબિલિટી ઉપકરણને બાંધવા માટે સીટબેલ્ટનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવેલી નથી, મોબિલિટી ઉપકરણને બાંધવા માટે ટાઇડાઉન્સ હોવા જરૂરી છે.
- તબીબી છુટછાટોની સવલતોની સમીક્ષા કરવામાં આવશે અને વ્યક્તિગત ધોરણે તેની મંજૂરી આપવામાં આવશે.
- જ્યાં સુધી સવલતોની મંજૂરી આપવામાં ના આવી હોય ત્યાં સુધી સીટબેલ્ટ સંબંધિત પૉલિસીનું જ્યાં પાલન કરવાનો ઇનકાર કરવા પર સવારી કરવાની અને આ પ્રોગ્રામને ઍક્સેસ કરવાની ના પાડવામાં આવી શકે છે.

## લિફ્ટ્સ



ADAના આદેશ મુજબ, મુસાફર અને મોબિલિટી ઉપકરણ (જેમ કે, મેન્યુઅલ વ્હિલચેર, ઇલેક્ટ્રિક વ્હિલચેર, સ્કૂટર વગેરે)નું સંયુક્ત વજન લિફ્ટની ક્ષમતાથી વધારે **હોઈ શકે નહીં.** STS પેરાટ્રાન્ઝિટની તમામ લિફ્ટને મહત્તમ 800 પાઉન્ડ માટે રેટ કરવામાં આવેલી છે. જો સંયુક્ત વજન 800 પાઉન્ડની વજનની મર્યાદાથી વધી જાય તો તમને મોબિલિટી ઉપકરણથી અલગ થઈને બસમાં ચઢવા અને ઉતરવાની મંજૂરી આપવામાં આવશે. લિફ્ટ જ્યારે મુસાફરોને સલામત રીતે સમાવી લે તે પછી જ તેમનું પરિવહન કરવામાં આવશે. આમ કરવાથી જો ઉપકરણના વજનને કારણે મુસાફરોની સલામતી જોખમાતી હોય તેવા કિસ્સામાં CATS તેમનું પરિવહન કરવાની ના પાડી શકે છે.

મોબિલિટી ઉપકરણો પણ લિફ્ટના પ્લેટફૉર્મની મર્યાદાની અંદર સમાવા જોઇએ. ઉપકરણ લિફ્ટના પ્લેટફૉર્મની કિનારીએ લટકતા ના હોવા જોઈએ. આ ઉપકરણોને સુરક્ષિત રીતે બાંધવા માટે તે સુરક્ષા ક્ષેત્રમાં નિર્ધારિત જગ્યાની અંદર ફિટ થતાં હોવા જોઇએ.

ઓપરેટરોને તમારા પાવર્ડ મોબિલિટી ઉપકરણોનું સંચાલન કરવાની મંજૂરી નથી. મુસાફરોએ આ ઉપકરણોને લિફ્ટમાં ચઢાવવાના/ઉતારવાના અને સુરક્ષિત જગ્યાએ મૂકવાના રહેશે અથવા તો જેઓ મદદરૂપ થઈ શકે તેવા PCAની સાથે મુસાફરી કરવાની રહેશે.

## સહાય

તમારી સુરક્ષા અને સલામતી માટે STS પેરાટ્રાન્ઝિટ ઓપરેટર તમને વાહનની અંદર અને બહાર સહાયરૂપ થશે. તમે મદદને નકારી શકો છો પરંતુ ઓપરેટર તમારી સલામતીની ખાતરી કરવા માટે તમારી નજીક જ રહેશે. જો તમારે વધારાના સમાવેશની જરૂર હોય તો કૃપા કરીને શિડ્યૂલિંગ વખતે અથવા તો સીધા ઓપરેટર પાસે વિશેષ વિનંતીની વિગતોનો સમાવેશ કરો.

**નોંધઃ એવા સમાવેશની વિનંતીની મંજૂરી આપવામાં આવશે નહીં, જેના માટે ઓપરેટરે તેમના વાહનથી એટલું દૂર કે કોઈ બિલ્ડિંગની અંદર જવું પડે કે જ્યાંથી વાહન દેખાવાનું બંધ થઈ જાય.**

તમે તમારી કસ્ટમર ફાઈલમાં વધારાના સમાવેશની વિનંતીનો ઉમેરો કરાવવા માટે પાત્રતા વિભાગનો સંપર્ક કરી શકો છો.

શાર્લોટ સિટી કોઈની સાથે વિકલાંગતાના આધારે કોઈ ભેદભાવ કરતી નથી. વાજબી સમાવેશની વિનંતી કરવા માટે કૃપા કરીને CATSADAeligibility@charlottenc.gov પર ઈ-મેઈલ કરો અથવા (704) 336-5055 પર કૉલ કરો.





## મુલાકાતીઓ (શાર્લટ (Charlotte)ના બિન-નિવાસીઓ)

CATS સ્પેશિયલ ટ્રાન્સપોર્ટેશન સર્વિસ ADAના વિનિયમો મુજબ ADA પેરાટ્રાન્ઝિટ માટે પોતાની હોમ એજન્સી સમક્ષ પાત્ર તરીકે પ્રમાણિત થયેલા શાર્લોટના કોઈ પણ મુલાકાતીને પેરાટ્રાન્ઝિટની સેવા પૂરી પાડશે. જો તેઓ તેમનું પ્રમાણપત્ર પૂરું પાડી શકે તેમ ના હોય તો તેમના રહેઠાણ અને વિકલાંગતાના, જો વિકલાંગતા સ્પષ્ટપણે જોઈ શકાય તેમ ના હોય તો દસ્તાવેજો પૂરાં પાડવાના રહેશે. વિઝિટર સ્ટેટસ 365 દિવસના સમયગાળાની અંદર 21 દિવસ સુધી CATS સ્પેશિયલ ટ્રાન્સપોર્ટેશન સર્વિસનો ઉપયોગ કરવાની મંજૂરી આપે છે.

આ માહિતીને (704) 336-5119 પર ફેક્સ કરી શકો છો અથવા અહીં નીચે જણાવેલા ઈ-મેઈલ પર મોકલી શકો છો:

**CATSADAeligibility@charlottenc.gov**

જો તમને કોઈ પ્રશ્ન હોય તો કૃપા કરીને **(704) 336-5055** પર STS પેરાટ્રાન્ઝિટ એલિજિબિલિટી એન્ડ સર્ટિફિકેશન ઑફિસનો સંપર્ક કરો.

## ભાડા

CATS પેરાટ્રાન્ઝિટની ટિકિટ વ્યક્તિ દીઠ એક ટ્રિપ માટે માન્ય ગણાય છે અને તેની કિંમત 3.50 યુએસ ડૉલર છે. આ ટિકિટોને 35.00 યુએસ ડૉલરની કિંમતે દસ વન-વે ટિકિટની બૂક તરીકે વેચવામાં આવે છે. સવારી કરવા માટે તમારી પાસે CATS પેરાટ્રાન્ઝિટની ટિકિટ કે પેરાટ્રાન્ઝિટનો માસિક પાસ હોવો જરૂરી છે. અમારા ઓપરેટરો રોકડ રકમ સ્વીકારતા નથી અને છુટાં પૈસા પાછા આપી શકતા નથી.

- તમે ટિકિટને 600 East 4th Street ખાતે આવેલ શાર્લોટ-મેક્લેનબર્ગ ગવર્મેન્ટ સેન્ટર ખાતેથી અથવા તો કસ્ટમર સર્વિસ વિન્ડો ખાતેથી કે પછી 310 E. Trade Street ખાતે આવેલ શાર્લોટ ટ્રાન્સપોર્ટેશન સેન્ટર ખાતેથી રૂબરૂમાં ટિકિટ ખરીદી શકો છો.

- તમે http://ridetransit.org અથવા http://www.RideCATS.com પરથી ટિકિટને ઓનલાઈન મગાવી શકો છો અથવા તો અહીં જણાવેલા સરનામે શાર્લોટ શહેરને ચૂકવવાપાત્ર ચેક કે મની ઑર્ડર મોકલીને ટપાલ દ્વારા મગાવી શકો છો: **અપટાઉન ટ્રાન્ઝિટ ઈન્ફૉર્મેશન સેન્ટર (UTIC) 310 East Trade Street Charlotte, NC 28202.**

જો તમે મહિનામાં 40થી વધારે ટ્રિપ કરવાની અપેક્ષા રાખતા હો તો **CATS પેરાટ્રાન્ઝિટ માસિક પાસ** ખરીદવા અંગે વિચારો. માસિક પાસમાં તમે અમર્યાદિત ટ્રિપ કરી શકો છો અને તેની કિંમત 140.00 યુએસ ડૉલર છે. આ માસિક પાસમાં તમે કોઈ પણ પ્રકારનો વધારાનો ચાર્જ ચૂકવ્યાં વગર CATSની તમામ બસ અને રેલ સેવાનો ઉપયોગ કરી શકો છો.

અહીં એ બાબત ધ્યાનમાં રાખો કે આ પાસ મિત્રો કે પરિવારજનોની સાથે શૅર કરી શકાશે નહીં. આ પાસને પરત કરીને રીફન્ડ મેળવી શકાશે નહીં. તમે આ માસિક પાસને UTIC, ઓનલાઈન કે સહભાગી હેરિસ ટીટર, ફૂડ લાયન અને કમ્પેર ફૂડ્સ ખાતેથી ખરીદી શકો છો. અમે તમને STS પેરાટ્રાન્ઝિટ વન-વે ટિકિટ કે માસિક પાસની ઉપલબ્ધતા અંગે આગોતરી પૂછપરછ કરવા માટે સ્થળ ખાતે કૉલ કરવાની ભલામણ કરીએ છીએ. સહભાગી સ્થળોની યાદી www.ridetransit.org ('ભાડા' ત્યારબાદ 'પાસ વેચાણના સ્થળો' હેઠળ) પર ઓનલાઈન મળી જશે અથવા તો https://www.charlottenc.gov/CATS/Fares-Passes/Pass-Sale-Locations).



## સમયનું નિર્ધારણ

- સોમવાર-શનિવાર દરમિયાન STS પેરાટ્રાન્ઝિટ સેવાનું સંચાલન સવારે 4:50 વાગ્યે શરૂ થાય છે અને રાત્રે 2:12 વાગ્યે છેલ્લાં પિકઅપ સુધી ચાલે છે. રવિવારે અને રજાના દિવસે આ સેવાની શરૂઆત સવારે 4:55 વાગ્યે થાય છે અને રાત્રે 1:30 વાગ્યે છેલ્લાં પિકઅપ સુધી ચાલે છે.
- STS પેરાટ્રાન્ઝિટ ટ્રિપ શિડ્યૂલિંગ ઑફિસના કામના કલાકો સવારે 8:00 વાગ્યાથી સાંજે 5:00 સુધી છે, જે અઠવાડિયાના 7 દિવસ અને વર્ષના 365 દિવસ ચાલું રહે છે. STS પેરાટ્રાન્ઝિટ ફક્ત આગામી દિવસ માટે અથવા તો પાંચ (5) દિવસ માટે ટ્રિપના આગોતરા શિડ્યૂલિંગને સ્વીકારે છે. તે જ દિવસ માટેની કોઈ વિનંતીને સ્વીકારવામાં આવતી નથી.
- ઑપરેટર તમારી ટ્રિપને શિડ્યૂલ, રીશિડ્યૂલ કે તેમાં કોઈ ફેરફાર કરી શકતા નથી. તમારે તમારી ટ્રિપને રીશિડ્યૂલ કરવા કે તેમાં ફેરફાર કરવા માટે તમારે STS પેરાટ્રાન્ઝિટ રીઝર્વેશન નંબર 833-656-7699 પર કૉલ કરવાનો રહેશે.
- ટ્રિપને વિનંતી કરવામાં આવેલા પિકઅપ સમય કે એપોઇન્ટમેન્ટના સમય/ઇચ્છિત આગમનના સમય (તમારે તમારી નિશ્ચિત જગ્યાએ જે સમયે પહોંચવું છે સમય) પર આધાર રાખીને શિડ્યૂલ કરવામાં આવી શકે છે.
  - o પિકઅપનો પસંદગીનો સમય: વિનંતી કરવામાં આવેલા પિકઅપના સમયના (એટલે કે મુસાફર સવારે 8 વાગ્યે પિકઅપની વિનંતી કરે છે તો 30-મિનિટની પિકઅપની વિન્ડોને સવારે 7 વાગ્યાથી 9 વાગ્યાની વચ્ચે શિડ્યૂલ કરી શકાય છે) +/- 60 મિનિટની અંદર પિકઅપ માટેનો ઇચ્છિત સમય અને મુસાફરને ઉતારવા માટેનો સ્થિતિસ્થાપક સમય.
  - o એપોઇન્ટમેન્ટનો સમય/આગમનનો ઇચ્છિત સમય: પિકઅપને આગમનના ઇચ્છિત સમય પર આધાર રાખીને નિર્ધારિત કરવામાં આવે છે, જેમ કે ડૉક્ટરની એપોઇન્ટમેન્ટ માટે. શિડ્યૂલિંગ સિસ્ટમ ટ્રિપના અંતર અને કોઈ ચોક્કસ એપોઇન્ટમેન્ટના સમય માટે સમયસર પહોંચી જવાય તે માટે યોગ્ય હોય તેવો પિકઅપ સમય જનરેટ કરશે (મુસાફરને નિશ્ચિત સ્થળે ઉતારવા માટેના સમયના 30 મિનિટ પહેલાં સુધી).
    - **નોંધ:** મુસાફર એપોઇન્ટમેન્ટના સમયની ટ્રિપ માટે લઈ જવાના અને ઉતારવાના એમ બંને સમયને બૂક કરી શકે નહીં. શિડ્યૂલિંગ સિસ્ટમે ટ્રિપના અંતર અને એપોઇન્ટમેન્ટના ચોક્કસ સમય પર આધાર રાખીને પિકઅપના સમયને જનરેટ કરવાનો રહે છે.



આ દસ્તાવેજની મુદ્રિત નકલો પર અમારું કોઈ નિયંત્રણ નથી.


## વિલ-કૉલ

સામાન્ય રીતે 'વિલ-કૉલ' પિકઅપ્સની મંજૂરી આપવામાં આવતી નથી, સિવાય કે મેડિકલ એપોઇન્ટમેન્ટ હોય કે એરપોર્ટ પરથી પિકઅપ કરવાના હોય, જેમાં મુસાફરને તેમની ટ્રિપ બૂક કરતી વખતે તેઓ ઘરે પાછા ફરવા માટે ચોક્કસ કયા સમયે ઉપલબ્ધ થશે તેની જાણકારી હોતી નથી.

જો મુસાફર તેમની ભૂલ ના હોય તેવા કોઈ કારણોસર પિકઅપ વિન્ડોની અંદર પરત આવી શકતા નથી, તો મુસાફરે તેમના પિકઅપને રદ કરવા માટે ડિસ્પેચને કૉલ કરવાનો રહેશે અને પરત ફરવાની પિકઅપ ટ્રિપ માટે 'વિલ-કૉલ' સ્ટેટસ પર રહેવાની વિનંતી કરવાની રહેશે.

જે મુસાફરોને 'વિલ-કૉલ'ની જરૂર હોય તેમણે પરત ફરવાની ટ્રિપની વિનંતી કરવા માટે ડિસ્પેચને કૉલ કરવાનો રહેશે. વાહનની ઉપલબ્ધતા સામાન્ય રીતે વ્યસ્તતા ઓછી હોય તેવા કલાકો દરમિયાન સવારે 10 વાગ્યાથી બપોરે 2 વાગ્યાની વચ્ચે અથવા તો સાંજે 6 વાગ્યા પછી હોય છે. STS શક્ય એટલા વહેલા પરત ફરવાના સમયને નિર્ધારિત કરીને તમારી વિનંતીને સામેલ કરવાનો દરેક પ્રયત્ન કરશે.

## છોડી નહીં દેવાની નીતિ

'નો સ્ટ્રેન્ડ પૉલિસી'માં નિયત સ્થળે લઈ જવામાં આવેલા ગ્રાહકને મુસાફરીના દિવસે તેમના ઘરે પરત મૂકી જવાની બાંયધરી આપવામાં આવી છે, ભલે પછી પરિસ્થિતિ કોઈ પણ હોય.





આ દસ્તાવેજની મુદ્રિત નકલો પર અમારું કોઈ નિયંત્રણ નથી.

## નો શૉ

પિક-અપના નિર્ધારિત સમયે ગ્રાહક હાજર ના થવા અને વાહનમાં ના ચઢવાને 'નો-શૉ' કહેવામાં આવે છે. 30 મિનિટની નિર્ધારિત વિન્ડો સહિત પિક-અપના નિર્ધારિત સમયને પિક-અપ વિન્ડો કહેવામાં આવે છે. વાહન આવી પહોંચવા પર ઓપરેટર ઓછામાં ઓછી પાંચ (5) મિનિટ સુધી ગ્રાહકના આવવાની અને વાહનમાં ચઢવાની રાહ જુએ છે. 30 મિનિટની પિકઅપ વિન્ડોમાં વાહનના આગમન થવાને સમયસર પિક-અપ ગણવામાં આવે છે. યાદ અપાવી દઇએ કે પિક-અપ વિન્ડોમાં આવી પહોંચેલું વાહન ગ્રાહકને ચઢવા માટે ફક્ત પાંચ મિનિટ રાહ જોશે.

- STS પેરાટ્રાન્ઝિટ ઓપરેટર ગ્રાહકના ઘરેથી શરૂ થનારી કોઈ પણ નો-શૉ ટ્રિપ માટે ગ્રાહકના ઘરે પીળા રંગનો ટેગ લગાવશે.
- જો ગ્રાહકે નો-શૉ કર્યું હોય કે એક ટ્રિપ માટે મોડું કેન્સલેશન કર્યું હોય અને તેમણે આ જ દિવસે એક કે તેનાથી વધારે ટ્રિપ નિર્ધારિત કરેલી હોય તો, STS આવી બાકીની ટ્રિપને આપમેળે રદ કરશે નહીં.
- વધારાના નો-શૉ કે મોડા કેન્સલેશનના દંડને ટાળવા માટે આવી બાકીની ટ્રિપની સાથે આગળ વધવાની કે તેને સમયસર રીતે રદ કરવાની જવાબદારી ગ્રાહકની પોતાની છે. જો ઓપરેટર નિર્ધારિત કરવામાં આવેલી પિક-અપ વિન્ડોથી મોડા આવે અને તમે મુસાફરી નહીં કરવાનો નિર્ણય લો કે તમને શોધી શકાતા નથી, તો તમારી પાસેથી નો-શૉનો દંડ વસૂલવામાં આવશે નહીં.
- જો ઓપરેટર વહેલાં આવી જાય છે, તો તમને તમારી નિર્ધારિત કરવામાં આવેલી 30-મિનિટની વિન્ડો કે પિક-અપના નિર્ધારિત સમય કરતાં પહેલા બસમાં ચઢવા માટે કોઈ ફરજ પાડવામાં આવતી નથી. જ્યાં સુધી તમારી નિર્ધારિત કરવામાં આવેલી 30-મિનિટની વિન્ડોનો સમય શરૂ થાય નહીં ત્યાં સુધી 5-મિનિટની વિન્ડો શરૂ થશે નહીં. જોકે, તમે વાહનમાં વહેલા ચઢી શકો છો અથવા તો તમારી રવાનગીના **વિકલ્પો અંગે વાત કરવા માટે અમને** 833-656-7699 પર કૉલ કરો અને અમે આ અંગે ઓપરેટરને જાણ કરીશું.

વધારે પડતાં નો-શૉ કે મોડાં કેન્સલેશન પર નજર રાખવા માટે CATS નો-શૉ અને મોડા કેન્સલેશનની નિયમિતપણે સમીક્ષા કરશે. નો-શૉ અને મોડા કેન્સલેશનને ઘટાડવા માટે STS પેરાટ્રાન્ઝિટ ગ્રાહકોને જ્યારે પણ તેમની નિર્ધારિત થયેલી ટ્રિપને રદ કરવાની જરૂર પડે ત્યારે તરત જ CATSને જાણ કરવા માટે પ્રોત્સાહિત કરે છે.

નોંધઃ નો-શૉ પૉલિસીનું વારંવાર ઉલ્લંઘન કરવાથી ગ્રાહકનું પૂર્વ-નિર્ધારિત સબસ્ક્રિપ્શન સ્થગિત કે રદ કરવામાં આવી શકે છે તથા તેમણે પ્રત્યેક ટ્રિપને રીઝર્વેશન ડિપાર્ટમેન્ટ મારફતે નિર્ધારિત કરવાની જરૂર પડી શકે છે.


આ દસ્તાવેજની મુદ્રિત નકલો પર અમારું કોઈ નિયંત્રણ નથી.

- જો આગમન એપોઇન્ટમેન્ટ સમય કરતાં પહેલાં નિર્ધારિત કરવામાં આવ્યું હોય તો, કૃપા કરીને એ વાતની **ખાતરી કરો કે તમારું આગમન તમારા નિયત સ્થળના સંચાલનના ઓપન અવર્સ દરમિયાન થાય**. ઓપરેટરને તમારા સરનામાનું સ્થળ કામકાજ માટે ખુલે તેની રાહ જોવા માટે ઊભા રહેવાની મંજૂરી નથી. તમે વિનંતી કરેલા ઉતારવાના સમય કરતાં 30 મિનિટ પહેલાં તમને તમારા નિયત સ્થાને ઉતારવામાં આવી શકે છે, આથી તમારે તે સ્થળે કામકાજ શરૂ થાય ત્યાં સુધી રાહ જોવી પડી શકે છે. (એટલે કે, તમે જો સવારે 8:00 વાગ્યે ઉતારવાની વિનંતી કરી હોય તો, વિન્ડો સવારે 7:30-8:00 જેટલી વહેલી હોઈ શકે છે).

**STSની ટ્રિપને ફોન દ્વારા નિર્ધારિત કરી શકાય છે**

રીઝર્વેશનિસ્ટની સાથે સીધી વાત કરવા અને તમારી સવારી બૂક કરવા માટે-કૃપા કરીને **833-656-7699** પર કૉલ કરો અને સ્પેશિયલ ટ્રાન્સપોર્ટેશન સર્વિસ માટે 1 દબાવો.

- ભવિષ્યની ટ્રિપને નિર્ધારિત કરવા કે કેન્સલ કરવા માટે **વિકલ્પ 2** પસંદ કરો.
- **નોંધ:** એ જ દિવસની ટ્રિપને નિર્ધારિત કરી શકાય નહીં. ટ્રિપને 1થી 5 કેલેન્ડર દિવસ(સો) આગોતરી નિર્ધારિત કરવી પડે છે.

ફક્ત પ્રમાણિત થયેલા પાત્ર ગ્રાહકો જ STS પેરાટ્રાન્ઝિટ શિડ્યૂલિંગ પ્રતિનિધિઓ કે વેબ શિડ્યૂલર મારફતે ADA કમ્પ્લાયેન્ટ રાઇડને નિર્ધારિત કરી શકે છે. એકવાર તમારી સવારીનો સમય નિર્ધારિત થઈ જાય તે પછી તમને આ પ્રવાસની યાદ અપાવનારો ઑટોમેટેડ કૉલ આવશે. જો તમે પ્રવાસ નહીં કરવાનો નિર્ણય લો, તો તમારી પાસે પ્રવાસ રદ કરવાનો વિકલ્પ રહેશે.

કૃપા કરીને નિર્ધારિત કરવામાં આવેલી પિક-અપ વિન્ડોની અંદર બસમાં ચઢવા માટે તૈયાર રહો અને બસમાં ચઢતી વખતે ચૂકવણી માટે તમારું ભાડું તૈયાર રાખો. ટ્રાફિક, હવામાન અને અન્ય અણધારી ઘટનાઓને કારણે STS પેરાટ્રાન્ઝિટમાં વિલંબ થઈ શકે છે. STS પેરાટ્રાન્ઝિટ નિર્ધારિત કરવામાં આવેલી 30-મિનિટની પિકઅપ વિન્ડોમાં પહોંચી જવાનો પ્રયત્ન કરશે; જો 30 મિનિટ વધારે મોડું થવાનો અંદાજ હોય; તો STS પેરાટ્રાન્ઝિટ તમારા ગ્રાહક ખાતામાં સૂચિબદ્ધ થયેલા ફોન નંબર મારફતે તમારો સંપર્ક કરવાનો પ્રયત્ન કરશે.

STS પેરાટ્રાન્ઝિટ પિકઅપ ટાઇમની વચ્ચે 2 કલાકનો અંતરાલ રાખે છે, જેથી કરીને ગ્રાહકને પ્રવાસનો પૂરતો સમય મળી રહે અને તેમણે જ્યાં પહોંચવાનું છે, તે જગ્યાએ પણ પૂરતો સમય મળી રહે તેની ખાતરી કરી શકાય. મુસાફરો તેમના નિયત સ્થાને પહોંચે તે પહેલાં જ તેમની પરત ફરવાની વિન્ડોનો સમય ના થઈ જાય તેની ખાતરી કરવા આમ કરવામાં આવે છે.

STS પેરાટ્રાન્ઝિટ મૂળ સ્થાનથી નિશ્ચિત સ્થળ સુધીની સેવા પૂરી પાડે છે. જો તમારું પિક-અપનું સ્થળ બહુમાળી ઇમારત કે મલ્ટિપલ બિલ્ડિંગ કૉમ્પલેક્સ (જેમ કે, એપાર્ટમેન્ટ કૉમ્પલેક્સ) હોય તો STS પેરાટ્રાન્ઝિટ તમારા નિર્ધારિત કરવામાં આવેલા પિક-અપના સમયે તમને ગ્રાઉન્ડ ફ્લોરની લોબીમાં મળશે. STS પેરાટ્રાન્ઝિટના ઓપરેટરો તમારા ઘર કે બિલ્ડિંગમાં પ્રવેશી શકશે નહીં અને ઘરની અંદર તમને કોઈ પણ પ્રકારની મદદ કરવા માટે તેમની પર પ્રતિબંધ છે. ઓપરેટરોને પ્રવેશદ્વાર પાસે એકાદ પગથિયા ઉપર-નીચે મુસાફરને મદદ કરવાની મંજૂરી છે પણ તેમને ઘરમાં પ્રવેશવાની મંજૂરી નથી.

જો તમે વ્હિલચેરનો ઉપયોગ કરી રહ્યાં હો અને તમારા પિકઅપના સ્થળે કે ઘરે ADA અનુરૂપ રેમ્પ ના હોય તો, તમારે તમને મદદ કરવા માટે કોઈ ખાનગી વ્યક્તિ કે એન્ટિટીની વ્યવસ્થા કરવી પડશે. STS પેરાટ્રાન્ઝિટના ડ્રાઇવરોને સીડીઓ પર કે રેમ્પ ના હોય તેવી સ્થિતિમાં મદદરૂપ થવાની મંજૂરી નથી.


આ દસ્તાવેજની મુદ્રિત નકલો પર અમારું કોઈ નિયંત્રણ નથી.




## સબસ્ક્રિપ્શન

જે ગ્રાહકો કામ, તબીબી કે શાળાની એપોઇન્ટમેન્ટ જેવા અનુમાનિત સમયપત્રક પરના સમાન કારણોસર આ સેવાનો ઉપયોગ કરે છે, તેઓ સબસ્ક્રિપ્શનની સેવા માટે પાત્ર ગણાય છે. જો સબસ્ક્રિપ્શનને મંજૂર કરી દેવામાં આવે તો ગ્રાહકે સબસ્ક્રિપ્શનના સમયગાળા દરમિયાન આવી ટ્રિપને નિર્ધારિત કરવાની જરૂર રહેશે નહીં.

- સબસ્ક્રિપ્શન સેવાની વિનંતીને સોંપતા પહેલાં ગ્રાહકે 30-દિવસના સમયગાળામાં જે-તે નિશ્ચિત સ્થળે નિયમિત પ્રવાસ કર્યો હોવાનું દર્શાવવું પડશે. એટલે કે, ગ્રાહકે 30 દિવસના સમયગાળામાં અઠવાડિયામાં ઓછામાં ઓછા એક વાર સમાન પિક-અપ અને ડ્રોપ-ઑફના સમયે સમાન સ્થળે પ્રવાસ કર્યો હોવાનું દર્શાવવું પડશે.

- સબસ્ક્રિપ્શનની સેવાની વિનંતી એકવાર મંજૂર થઈ જાય તે પછી તેનું અમલીકરણ શરૂ થતાં પહેલાં સાત (7) કાર્યદિવસો લાગી શકે છે. જ્યાં સુધી સબસ્ક્રિપ્શનની સેવા શરૂ થાય નહીં ત્યાં સુધી ગ્રાહકોએ ટ્રિપને વ્યક્તિગત રીતે બૂક કરવાની રહેશે.

- ગ્રાહકો દર 30 દિવસમાં એકવાર તેમના સબસ્ક્રિપ્શન ટ્રિપની વિગતોમાં ફેરફાર કરી શકે છે, નિયંત્રણમાં ના હોય તેવી પરિસ્થિતિઓને કારણે જો કોઈ વધારાના ફેરફાર કરવા પડે તેમ હોય તો તેની સમીક્ષા કેસ-દર-કેસના આધારે કરવામાં આવશે. રીઝર્વેશનની નિયમિત પ્રક્રિયા મુજબ પિક-અપના સમયમાં ફેરફાર પર ચર્ચા કરવામાં આવશે.

- જો જે સ્થળે પહોંચવાનું છે તે જગ્યા અને/અથવા જે જગ્યાએથી બસમાં ચઢવાનું છે તે જગ્યાનું સરનામું બદલાય છે તો ગ્રાહકે વર્તમાન સબસ્ક્રિપ્શનને રદ કરવાનું રહેશે અને નવા સબસ્ક્રિપ્શનની ટ્રિપની વિનંતી સોંપવાની રહેશે. પ્રારંભિક સબસ્ક્રિપ્શનની જેમ જ ગ્રાહકે વિચારણા હેઠળની સબસ્ક્રિપ્શન ટ્રિપ માટેની નિયમિત ટ્રિપ પેટર્ન દર્શાવવાની રહેશે.

- ગ્રાહકો 90 દિવસના સમયગાળાની અંદર મહત્તમ 30 દિવસ માટે સબસ્ક્રિપ્શન સેવાને કામચલાઉ રીતે સ્થગિત કરવાની વિનંતી કરી શકે છે, નિયંત્રણની બહાર હોય તેવી પરિસ્થિતિને કારણે જો વધારાના ફેરફાર કરવા પડે તેમ હોય તો, તેની સમીક્ષા કેસ-દર-કેસના આધારે કરવામાં આવશે.

- જો 30 દિવસના સમયગાળાની અંદર 25% કે તેનાથી વધુ સબસ્ક્રિપ્શન ટ્રિપ લેવામાં આવે નહીં તો સબસ્ક્રિપ્શનની સેવા રદ કરી દેવામાં આવી શકે છે.

- 30 દિવસથી વધુ સમયગાળા માટે નિષ્ક્રિય હોય તેવા સબસ્ક્રિપ્શનને પણ રદ કરવામાં આવી શકે છે. તમને ફોન કૉલ અને USPS પત્ર દ્વારા પેન્ડિંગ કેન્સલેશન અંગે જાણ કરવામાં આવશે અને નિષ્ક્રિય સબસ્ક્રિપ્શન ટ્રિપનું ફરીથી બૂકિંગ કરવાની જવાબદારી ગ્રાહકની પોતાની છે.

**નોંધ:** મહત્તમ સવારી હોય તેવા સમયગાળામાં ગ્રાહક દ્વારા કરવામાં આવતી સબસ્ક્રિપ્શનની વિનંતીઓની ટોચમર્યાદા નક્કી કરવામાં આવી શકે છે. જો સમયમર્યાદા પહેલેથી જ નિર્ધારિત છે, તો તે સમયમર્યાદા માટે સામાન્ય બૂકિંગની પ્રક્રિયાની જરૂર પડશે.

## પ્રવાસ રદ કરવો

જો તમે તમારા નિર્ધારિત સમયે મુસાફરી કરી શકો તેમ ના હો તો તમારે મોડા કેન્સલેશનને ટાળવા માટે પિકઅપ સમય કરતાં **ઓછામાં ઓછાં એક કલાક પહેલાં તમારી ટ્રિપને રદ કરવાની રહેશે.** ગ્રાહક જ્યારે નિર્ધારિત ટ્રિપના એક (1) કલાકથી ઓછાં સમય પહેલાં અથવા ઓપરેટર ઘર પાસે આવી પહોંચે ત્યારે ટ્રિપ રદ કરે છે, ત્યારે મોડું કેન્સલેશન થાય છે.

ટ્રિપને કેન્સલ કરવા માટે કૃપા કરીને 833-656-7699 પર કૉલ કરો. સ્પેશિયલ ટ્રાન્સપોર્ટેશન સર્વિસ માટે વિકલ્પ "1" દબાવો.

- **એ જ દિવસે** ટ્રિપને રદ કરવી: "STS ડિસ્પેચ" અને "1" દબાવો

- **ભવિષ્યની/બીજા કોઈ દિવસની ટ્રિપને** રદ કરવી: "રીઝર્વેશનને નિર્ધારિત કરવા" "2" દબાવો

કૃપા કરીને પોતાના પ્રવાસને આગોતરી રદ કરીને અન્ય ગ્રાહકો પ્રત્યે વિનમ્રતા દાખવો. તમારા પિકઅપના સમયથી એક કલાક પહેલાં અમને કૉલ કરવાથી અમે અન્ય કોઈ ગ્રાહકને સમાવી શકીએ છીએ.

www.ridetransit.org

**સ્પેશિયલ ટ્રાન્સપોર્ટેશન સર્વિસ**
**901 N Davidson St**
**Charlotte, NC 28206**

શાર્લોટ સિટી કોઈની સાથે વિકલાંગતાના આધારે કોઈ ભેદભાવ કરતી નથી. વાજબી સમાવેશની વિનંતી કરવા માટે કૃપા કરીને CATSADAEligibility@charlottenc.gov પર ઈ-મેઇલ કરો અથવા (704) 336-5055 પર કૉલ કરો.